| | | |
|---|---|---|
| GJSR120000332006 | | **ફોજદારી કેસ નં.૧૨૬/૨૦૦૬**<br>**શ્રી સરકાર**<br>**વિ.**<br>**શિવલાલ હસમુખલાલ શાહ + ૧** |

FORM-A

| **મહે. કઠોરના એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કઠોર** | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ :: | ૧૫/૦૬/૨૦૨૬ | |
| ક્રિમીનલ કેસ નંબર :: | **૧૨૬/૨૦૦૬** | **આંક ::** |
| ગુનાની વિગત | | |
| એફ.આઈ.આર.ની વિગત :: | કામરેજ પોલીસ સ્ટેશન એફ.આઈ.આર. સેકન્ડ ગુ.ર.નં. ૩૦/૨૦૦૫, તા.૧૧/૦૨/૨૦૦૫ | |
| ગુનો (કલમ) :: | **આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ−૩, ૭, ૯, ૧૧ મુજબ** | |
| ફરિયાદી :: | સરકારશ્રી | |
| ફરિયાદપક્ષે રજૂઆત :: | વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ચૌહાણ | |
| વિરુદ્ધ | | |
| આરોપી :: | **(૧) શિવલાલ હસમુખલાલ શાહ**<br>ઉ.વ. પુખત, વ્યવસાય−વેપાર<br>રહે.રૂમ નં.૧૦૫, પુષ્પકુંજ એપાર્ટમેન્ટ, નાના વરાછા, સુરત<br>મુળ રહે.મુકુન્દા, તા.રાયપુર, જી.ભીલવાડા<br>**(૨) હિરાલાલ નૈનાજી પહાડીયા (એબેટ)**<br>ઉ.વ. પુખત, વ્યવસાય−વેપાર<br>રહે. રૂમ નં.૩૦૨, દર્શન એપાર્ટમેન્ટ, નાના વરાછા, સુરત<br>મુળ રહે. હાહરોલી, સ્વસ્થિક ટોલ પ્લાઝાની બાજુમાં, તા.જી.રાજસ્થાન | |
| આરોપીપક્ષે રજૂઆત :: | આરોપી તરફે વિ.વ.શ્રી વી. સી. બોડાણા | |

FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :: | ૨૮/૦૯/૨૦૦૪, ૨૫/૦૧/૨૦૦૫ |
| એફ.આઈ.આર. તારીખ :: | ૧૧/૦૨/૨૦૦૫ |
| ફરિયાદ દાખલ તારીખ :: | **૧૮/૦૧/૨૦૦૬** |
| પ્લી રેકર્ડ કર્યા તારીખ :: | ૨૧/૦૨/૨૦૧૧ |
| પુરાવો ચાલુ થયા તારીખ :: | ૨૧/૦૨/૨૦૧૧ |

| | | | |
|---|---|---|---|
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ :: | ૦૫/૦૬/૨૦૨૬ | | |
| જજમેન્ટની તારીખ :: | **૧૫/૦૬/૨૦૨૬** | | |
| સજા હુકમની તારીખ (જો લાગુ પડે તો) :: | — | | |
| સમયગાળો :: | વર્ષ | માસ | દિવસ |
| | ૨૦ | ૦૪ | **૨૫** |

## :: આરોપીઓની વિગત ::

| આ. નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીરવાન / નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી.આર.પી. સી.ની કલમ ૪૨૮ મુજબ કસ્ટડીમાં વિતાવેલો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શિવલાલ હસમુખલાલ શાહ | ૦૯/૧૧ /૨૦૦૫ | | આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ–૩, ૭, ૯, ૧૧ મુજબ | નિર્દોષ | — | — |
| ૨. | હિરાલાલ નૈનાજી પહાડીયા (એબેટ) | ૦૯/૧૧ /૨૦૦૫ | | | નિર્દોષ | — | — |

FORM-C

**ફરિયાદ પક્ષ તથા બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ ::**

**(એ) ફરિયાદપક્ષના સાહેદો ::–**

| **અ.નં.** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| ૧. | ૪૨ | ફરિયાદી મામલતદારશ્રી ધિરજભાઈ સંઘાણી |
| ૨. | ૪૦ | પંચસાહેદ કૈલાશચંદ્ર રામચંદ્ર સામરીયા |
| ૩. | ૫૧ | પંચસાહેદ નિતેશકુમાર જયંતિલાલ બંગાળી |
| ૪. | ૬૨ | સાહેદ રાજેશકુમાર ઠાકોરભાઈ દેસાઈ |
| ૫. | ૬૫ | સાહેદ મગનભાઈ દેવાભાઈ દેસાઈ |
| ૬. | ૬૬ | સાહેદ ભરતકુમાર શાંતીલાલ નાયક |
| ૭. | ૭૨ | સાહેદ ડાહ્યાભાઈ વાઘાભાઈ ભરવાડ |
| ૮. | ૭૪ | ત.ક.અ. માનાભાઈ ઉકાભાઈ સોલંકી |

**ફરિયાદપક્ષ તથા બચાવપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ::**

**(એ) ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ::–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૮ | જિલ્લા પુરવઠા કચેરીનો પત્ર |
| ૨. | ૪૧ | મુદ્દામાલ રીકવરી અંગેનું પંચનામું |
| ૩. | ૪૩ | ફરિયાદીને ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવાનો કલેકટર કચેરીનો પત્ર |
| ૪. | ૪૪ | ફરિયાદ |
| ૫. | ૪૫ | પેટ્રોલિયમ પ્રોડક્ટ મળી આવ્યા બાબતનો કલેકટરશ્રી, સુરતને કરવામાં આવેલ પત્ર |
| ૬. | ૪૬ | કલેકટર કચેરીનો મુદામાલ સીઝર હુકમ |
| ૭. | ૪૭ | નેપ્થા નમુનાના પ્રવાહીનું પૃથક્કરણ કરવા માટે કરેલ પત્ર |
| ૮. | ૪૮ | પ્રયોગશાળામાં પૃથક્કરણ માટે મોકલેલ મુદ્દામાલની પહોંચ |
| ૯. | ૪૯ | તા.૨૯/૦૧/૨૦૦૫ નારોજનો પૃથ્થકરણ અહેવાલ |
| ૧૦. | ૫૨ | પંચકયાસ |
| ૧૧. | ૭૫ | જીલ્લા પુરવઠા અધિકારીશ્રીએ છકડા ડ્રાઈવર દિનેશભાઈ ભુરાભાઈનુ લીધેલ નિવેદન |
| ૧૨. | ૭૬ | આરોપી હીરાલાલ નૈનાજી પહાડીયાનું નિવેદન |
| ૧૩. | ૭૭ | જીલ્લા પુરવઠા અધિકારીઓએ ડાયાભાઈ ભરવાડનું નિવેદન |
| ૧૪. | ૭૮ | ક્રિષ્નાનગર સોસાયટીનું લાઈટબીલ |
| ૧૫. | ૭૯ | લક્ષ્મણભાઈ ગોટીનું નિવેદન |
| ૧૬. | ૮૦ | પ્લોટના કબજા સાથેનો કરાર |

## –:: જજમેન્ટ ::–

**૧::** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારોએ એકબીજાની મદદગારી કરી મોજે. સરથાણા ગામની સીમમાં જકાતનાકા નજીક, સુરત, કામરેજરોડ ઉપર કૃષ્ણનગર સોસાયટી ખાતે તા.૨૮/૦૯/૨૦૦૪ ના રોજ હર કોઈ વખતે પાસ પરમીટ વગર શંકાસ્પદ પેટ્રોલીયમ પ્રોડકટ નેપ્થાનો જથ્થો ૧૯૯૮ લિટર તથા અન્ય સાધનો સાથે મળી કુલ રૂ.૫૮,૧૪૬/– તથા તા.૨૫/૦૧/૨૦૦૫ ના રોજ નેપ્થાનો જથ્થો ૧૦૨૦૦ લિટર કિંમત રૂ.૩,૭૫,૨૨૪/– કુલ નેપ્થાનો જથ્થો મળી ૧૨૧૮૮ લિટર કિંમત રૂ.૪,૩૩,૩૭૦/– નો નેપ્થાનો જથ્થો બિનઅધિકૃત રીતે રાખીને વેચાણ કરતા પકડાઈ જઈ આરોપીઓએ આવશ્યક ચીજવસ્તુ નિયંત્રણ ધારા હેઠળ પરવાનો મેળવ્યા વિના બિનઅધિકૃત રીતે નેપ્થાની ખરીદી અને સંગ્રહ કરી દ્વિચક્રી–ત્રીચક્રી વાહનોમાં બળતણ તરીકે બિનઅધિકૃત અને ગેરકાયદેસર રીતે વેચાણ

કરી આવશ્યક ચીજ વસ્તુ નિયંત્રણ ધારાની કલમ–૩, ૭, ૯ અને ૧૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાની ફરીયાદીની ફરીયાદનાં આધારે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી.નં. ગુ.ર.નં.૩૦/૨૦૦૫ થી ગુનો નોંધવામાં આવતા તપાસનીસ અધિકારીશ્રી દ્વારા ગુનાની તપાસ કરી લાગતા વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધી જરૂરી પંચનામાઓ કરી તપાસનાં અંતે આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી થવા સારુ રજુ કરવામાં આવેલ છે.

**૨::** સદરહુ કામના આરોપીઓ જામીન મુકત થયેલ હોય તેઓને ઈસ્યુ કરવામાં આવેલ સમન્સની બજવણી થતા આરોપીઓ પોતાના વકીલશ્રી સહિત હાજર થતા મારા વિ.પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી દ્વારા આરોપીઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. તેમજ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૪૦(૧) પ્રમાણે આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૨ થી ઉપરોકત ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. તેમજ આંક–૧૩ થી ૧૪ સુધી આરોપીઓનું પ્રાથમિક નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ તેઓની સામેના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ અને ઈન્સાફી કાર્યવાહી કરવા જણાવતા હોય આ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

**૩::** ફરીયાદપક્ષ તરફે નમુનો "સી" મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે, તે સિવાય વિશેષ કોઈ પુરાવો રજૂ કરેલ નથી. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું મૌખિક રીતે જાહેર કરેલ છે.

**૪:: સી.આર.પી.સી. ની કલમ–૩૧૩ મુજબનું આરોપીનું વિશેષ નિવેદન ::**

ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં હાલના આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાઓનો ઈન્કાર કરી, તેઓ નિર્દોષ છે અને તેઓ સામે ખોટી ફરીયાદ કરેલ છે તેવો બચાવ લીધો છે.

**૫:: સી.આર.પી.સી. ની કલમ–૩૧૪ મુજબ પક્ષકારોની દલીલો ::**

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલ છે કે, આરોપીઓએ અનઅધીકૃત રીતે નેપ્થાનો જથ્થો પોતાના હવાલામાં રાખેલ, જે અંગેનુ પંચનામુ કરી સદર મુદામાલ કબજે કરેલ છે, આ બાબતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીમાં કોઈ વિપરીત હકીકત જણાઈ આવતી નથી, જેથી ફરીયાદપક્ષના સાહેદોની જુબાની ન માનવાનું કોઈ કારણ નથી. તેમજ હાલના કામે આરોપીઓના કબજામાંથી સદરહુ જથ્થો મળી આવેલ હોય તે બાબતનું મુદ્દામાલનુ પંચનામુ ધ્યાને લેતા પણ આરોપીઓ દ્વારા આવશ્યક ચીજ વસ્તુ ધારાના કલેકટરશ્રી, સુરતના પાસ પરવાના વિના આવશ્યક ચીજવસ્તુ નેપ્થાનો નથ્થો મેળવીને સંગ્રહ કરીને દ્વીચક્રીય તથા ત્રીચક્રીય વાહનોમાં વેચાણ કરેલ હોય આરોપીઓએ આવશ્યક ચીજ વસ્તુધારાની કલમ–૩, ૭, ૯ અને ૧૧ મુજબનો ગુનો કરેલ હોય હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે. જયારે આરોપી તરફે વિ.વ.શ્રી વી.સી. બોડાણા નાઓએ તેમની દલીલમાં ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તરફ મારૂ ધ્યાન દોરી ફરીયાદપક્ષ નિ:શંકપણે ગુનો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આ કામે આરોપીઓને નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૬:: સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ પોઈન્ટસ ફોર ડીટરમીનેશન ::**

સદરહુ કામે ફરીયાદપક્ષનાં કેસનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્ધા ઉપસ્થિત થયેલ છે.

**:: મુદ્ધા ::**

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારોએ એકબીજાની મદદગારી કરી મોજે. સરથાણા ગામની સીમમાં જકાતનાકા નજીક, સુરત, કામરેજ રોડ ઉપર કૃષ્ણનગર સોસાયટી ખાતે તા.૨૮/૦૯/૨૦૦૪ ના રોજ હર કોઇ વખતે પાસ પરમીટ વગર શંકાસ્પદ પેટ્રોલીયમ પ્રોડકટ નેપ્થાનો જથ્થો ૧૯૯૮ લિટર તથા અન્ય સાધનો સાથે મળી કુલ રૂ.૫૮,૧૪૬/– તથા તા.૨૫/૦૧/૨૦૦૫ ના રોજ નેપ્થાનો જથ્થો ૧૦૨૦૦ લિટર કિંમત રૂ.૩,૭૫,૨૨૪/– કુલ નેપ્થાનો જથ્થો મળી ૧૨૧૮૮ લિટર કિંમત રૂ.૪,૩૩,૩૭૦/– નો જથ્થો બિનઅધિકૃત રીતે રાખીને વેચાણ કરતા પકડાઇ જઇ આરોપીઓએ આવશ્યક ચીજવસ્તુ નિયંત્રણ ધારા હેઠળ પરવાનો મેળવ્યા વિના બિનઅધિકૃત રીતે નેપ્થાની ખરીદી અને સંગ્રહ કરી દ્વિચક્રી–ત્રીચક્રી વાહનોમાં બળતણ તરીકે બિનઅધિકૃત અને ગેરકાયદેસર રીતે વેચાણ કરી આવશ્યક ચીજ વસ્તુ નિયંત્રણ ધારાની કલમ–૩, ૭, ૯ અને ૧૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| ૨. | શું હુકમ ? |

૭:: ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ |

૮:: ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**મુદ્દા નં.૧ અને ૨ ::**

સદરહુ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય, હકીકતોનું પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે.

**૮.૧** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓ જોઈએ તો, ફરીયાદપક્ષ તરફે આંક-૪૨ થી તપાસેલ ફરિયાદી મામલતદારશ્રી, ધીરજ સંઘાણી નાઓએ તેમની જુબાનીમાં ફરિયાદમાં તેઓની સહી ઓળખી બતાવી આંક-૪૪ થી ફરિયાદ રજુ કરી જણાવેલ છે કે, સને.૨૦૦૨ થી એપ્રિલ-૨૦૦૫ સુધી મામલતદાર કામરેજ ખાતે ફરજ બજાવતા હતા. જીલ્લા મેજીસ્ટ્રેટ સુરતના પત્ર નં.પરવ/એનફો/તપસ/કેસ રજી.નં.૨/૪ તથા ૧૪૭/૦૫ તા.૧૦/૦૨/૨૦૦૫ થી આરોપી હિરાલાલ નયનાજી પહાડીયા તથા શીવલાલ હસમુખલાલ શાહ નામના ઈસમો આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ પરવાના મેળવ્યા સીવાય એકબીજાના મેળાપીપણામાં પેટ્રોલીમ પ્રોડક્ટ નેપ્થા તથા ઓઈલના પાઉચ પોતાને લાભ થાય તે હેતુથી રીક્ષા, સ્કુટર જેવા દ્વીચક્રીય, ત્રીચક્રીય વાહનોમાં બળતણ તરીકે વપરાતા વેચતા હોવાનુ જણાય આવતા તેમની સામે આવશ્યક ચીજવસ્તુ ધારાની વિવિધ કલમો હેઠળ શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોય પોલીસ ફરીયાદ દાખલ કરવા તેઓને અધિકૃત કરેલા હતા, જે પત્રની અસલપ્રત તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક-૪૩ થી રજુ કરેલ છે, જેમાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી પંકજ જોશીનાઓની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, સુરત જીલ્લા પુરવઠા તંત્રને મળેલ બાતમીને આધારે તા.૨૮/૦૯/૨૦૦૪ નારોજ સુરત કામરેજ રોડ ઉપર મોજે.સરથાણા, તા.કામરેજ મુકામે ઘનશ્યામ મોટર્સની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં આકસ્મિક રીતે દરોડો પાડતા હીરાલાલ પહાડીયા નામના ઈસમ ગેરકાયદેસર રીતે રીક્ષા સ્કુટર, જવા વાહનોમાં સોલ્વન્ટ ઓઈલના પાઉચ સાથે વેચાણ કરતા રંગે હાથ ઝડપાય ગયેલ. આ અંગે વધુ તપાસ કરતા અક્ષરધામ શોપીંગ સેન્ટરમાં ગોડાઉન હોવાનુ જણાય આવતાં ગોડાઉનની માલિકી શીવલાલ હસમુખલાલ

શાહની હોવાનુ જણાતા તેમણે સ્થળે બોલાવી ગોડાઉન ખોલાવતા તેમણે બંધ ગોડાઉન ખોલવા હીરાલાલને કહેલ, જે હીરાલાલે ગોડાઉનનુ શટ્ટર ખોલતા તેમાંથી બેરલ ભરેલ નેપ્થા તથા ઓઈલના પાઉચનો જથ્થો મળી આવેલ હતો તે બાબતે તપાસણી સમયે બંને ઈસમોનુ પંચો રૂબરૂ નિવેદન લઈ તપાસણી વખતે મળી આવેલ નેપ્થાના જથ્થામાંથી નિયમોનુસાર વૈજ્ઞાનિક પૃથ્થકરણ કરવા નેપ્થાનો જથ્થો ૧૯૮૮ લીટર તથા સાધનો મળી રૂ.૫૮૧૪૬/-નો જથ્થો જીલ્લા પુરવઠાશ્રીના તા.૨૮/૦૯/૨૦૦૪ ના હુકમથી કબજે લઈ સીઝ કરી જથ્થો નજીકના પેટ્રોલપંપ સ્વાગત પેટ્રોલપંપ અંબોલી ખાતે સુરક્ષિત જાળવી રાખવા સુપરત કરવામાં આવેલ. વધુમાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ત્યારબાદ તા.૨૫/૦૧/૨૦૦૫ નારોજ સુરત કામરેજ રોડ ઉપર ઘનશ્યામ મોટર ગેરેજની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટમાં એક ટેમ્પો મળી આવેલ ટેમ્પામાં ૩ બેરલ નેપ્થા હતા અને બાજુમાં એક બેરલ નેપ્થાનુ પડેલ હતું. હિરાલાલ પહાડીયા આ જગ્યાએથી નેપ્થાનુ વેચાણ કરતા હતા. આ અંગે વધુ તપાસ કરતા જથ્થા સંગ્રહનુ સ્થળ લસકાણા ખાતે આવેલ કૃષ્ણનગરની દુકાન નં.૩ અને ૪ હોવાનુ જણાય આવેલ આ દુકાનની માલિકી ડાયાભાઈ વાઘાભાઈ ભરવાડની હતી, જેથી તેમનું નિવદેન લેતા તેમણે જણાવેલ કે, આ દુકાન તેમણે શીવલાલ હસમુખલાલ શાહ તથા હીરાલાલ પહાડીયાને ભાડે આપેલી છે. તપાસણી સમયે છુટક ધંધાના સ્થળેથી ૮૦૦ લીટર નેપ્થાનો જથ્થો તથા સંગ્રહ સ્થળેથી ૧૦૨૦૦ લીટર નેપ્થાનો જથ્થો મળી આવેલ, જેમાંથી સરકારી ધારા ધોરણ મુજબ વૈજ્ઞાનિક પૃથક્કરણ માટે નમુનાનો જથ્થો લઈ બાકીનો જથ્થો અને સાધનો મળી રૂ.૩,૭૫,૨૨૪/નો જથ્થો સીઝ કરી નજીકના પેટ્રોલ પંપ અંબિકા ઓટો મોબાઈલ આંબોલી ખાતે સરકાર તર્ફે સાચવી રાખવા સુપરત કરેલ. બંને તપાસણીમાં સંબંધિતોના નિવેદનથી શીવલાલ હસમુખલાલ શાહ તથા હીરાલાલ નૈનાજી પહાડીયાના મેળાપીપણુ જણાય આવેલ છે. તપાસણી સમયે નિયત નમુના લઈ પ્રાદેશિક ન્યાય સહાયક પ્રયોગશાળામાં મોકલવામાં આવેલ અને પ્રાદેશિક ન્યાય સહાયક પ્રયોગશાળાનો રીપોર્ટમાં સદર પ્રવાહી નેપ્થા હોવાનુ જણાય આવેલ છે. આ મજકૂર ઈસમોએ આવશ્યક ચીજ વસ્તુ ધારાનુ લાયસન્સ મેળવ્યા સીવાય આવશ્યક ચીજવસ્તુ નેપ્થા દ્વીચક્રીય તથા ત્રીચક્રીય વાહનોમાં વેચાણ કરેલ છે તેમજ આ જથ્થો ક્યાથી મેળવેલ છે જેની સાચી હકીકત છુપાવી ગેરમાર્ગે દોરેલ છે. નેપ્થાના ગેરકાયદે વેચાણ સંબંધે તેઓએ કોઈ હીસાબ નોંધાવેલ નથી તેમજ જાહેર રસ્તા ઉપર જનસુખાકારીને અવરોધરૂપ નેપ્થાનુ વેચાણ કરેલ છે, જેથી નેપ્થા અધિનિયમ-૨૦૦૦ની કલમ-૩(૧), ૩(૨) ગુજરાત આવશ્યક ચીજવસ્તુ હુકમ-૧૯૮૧ ની કલમ-૩ તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ-૩, ૯, ૭ નો ભંગ કરેલ છે અને ગુનાહિત કૃત્ય કરેલ છે, જેથી તેઓએ જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હુકમ અન્વયે ફરીયાદ આપેલ છે. ફરીયાદ સાથે જીલ્લા પુરવઠા

શાખા નાનપુરા, સુરત નાઓનો પત્ર નં.પરવ/એનફો/નેપ્થા/સીઝર/સરથાણા/વસી/નોતા.૨૬/૦૧/૨૦૦૫નો કલેક્ટરશ્રી સુરત નાઓને પેટ્રોલીયમ પ્રોડક્ટ નેપ્થાનો જથ્થો મળી આવ્યા બાબતની જાણ કરતો પત્ર તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક-૪૫ થી રજુ રાખેલ છે, જેમાં જીલ્લા પુરવઠા અધિકારીનાઓની સહી તેઓએ ઓળખી બતાવેલ છે. તથા જીલ્લા પુરવઠા અધિકારીનાએ છકડા ડ્રાઈવર દિનેશભાઈ ભુરાભાઈનુ લીધેલ નિવેદન તેઓએ સદર કામે માર્ક-એ થી રજુ કરેલ છે. તથા જીલ્લા પુરવઠા અધિકારીનાએ મુદ્દામાલ સીઝ કરી આરોપી હીરાલાલ નૈનાજી પહાડીયા નાઓને સમજુતી આપી નિવેદન લીધેલ, જે નિવેદન તેઓએ સદર કામે માર્ક-બી થી રજુ કરેલ છે. તેઓએ સદર કામે આંક-૪૧ વાળુ પંચનામુ બતાવવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, સદર પંચનામુ તેઓએ ફરિયાદ સાથે સામેલ રાખેલ. તથા તેઓએ તેમની જુબાનીમાં આંક-૪૬ થી રજુ તા.૨૫/૦૧/૨૦૦૫ નારોજ કલેક્ટર કચેરી પુરવઠા શાખા, પરવ/એનફો/તપસ/નેપ્થા/૨૦૦૫નો સીઝર હુકમ ઓળખી બતાવેલ છે, જેમાં જીલ્લા પુરવઠા અધિકારીની સહી છે. તથા જીલ્લા પુરવઠા અધિકારીઓએ ડાયાભાઈ ભરવાડનાઓનું તા.૨૮/૦૧/૨૦૦૫ નારોજ લીધેલ નિવેદન તેઓએ સદર કામે માર્ક-સી થી રજુ કરેલ છે. તથા ફરીયાદ સાથે ડાયાભાઈ ભરવાડનાઓના લસકાણા કામરેજનુ ક્રીષ્ણાનગર સોસાયટીનું લાઈટબીલ સામેલ રાખેલ જેને માર્ક-'ડી' થી રજુ કરેલ છે. તથા તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક-૪૭ થી નેપ્થાના નમુનાના પ્રવાહીનુ પૃથ્થકરણ કરવા બાબત જીલ્લા પુરવઠા અધિકારીનાઓએ યાદી કરી પત્ર નં.એફ/પરવ/એનફો/નમુના/રજીસ્ટર્ડ નં.૬/૦૫ તથા તેની સાથે પ્રમાણપત્રો ફરીયાદ સાથે સામેલ રાખેલ. તથા પ્રાદેશિક ન્યાય સહાયક પ્રયોગશાળામાં પૃથ્થકરણ માટે મોકલેલ યાદી સહિતનો મુદ્દામાલ મળેલ તે અંગેની પહોંચ નં. રફલ/તપણ/૦૫/સી/૨૮ ને આંક-૪૮ થી રજુ રાખેલ છે. તથા તેઓએ તેમની જુબાનીમાં આંક-૪૯ થી તા.૨૯/૦૧/૨૦૦૫ નારોજ પૃથ્થકરણ અહેવાલ નં.રફલ/તપણ/૦૫/સી/૨૮ ઓળખી બતાવેલ છે. તથા જીલ્લા પુરવઠા અધિકારીઓએ સાહેદ લક્ષ્મણભાઈ ગોટીનાઓનુ લીધેલ નિવેદન તેઓએ સદર કામે માર્ક-ઈ થી રજુ કરેલ છે. તથા તેઓએ તેમની જુબાનીમાં જે પ્લોટમાં નેપ્થાનુ વેચાણ થતુ હતુ તે પ્લોટનો કબજા સાથેનો વેચાણ કરાર માર્ક-એફ થી રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજો ફરીયાદ સાથે તેઓએ રજુ રાખેલ હતા, જે તેઓ તેમની જુબાની દરમ્યાન અસલ સાથે લાવેલ હોય, જે તેઓએ નામદાર કોર્ટમાં રજુ કરેલ છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે, આ કેસ બાબતે જે પણ કાર્યવાહી થઈ તેની તેઓને વ્યક્તિગત કોઈ જાત માહિતી નથી. ફરિયાદીએ સ્વિકાર કરેલ છે કે, જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબે તેઓને પત્ર લખી ફરીયાદ

નોંધાવવા જણાવતા તેઓએ ફરીયાદ નોંધાવેલી છે. ફરિયાદીએ સ્વિકાર કરેલ છે કે, આ બનાવ તા.૨૫/૦૧/૨૦૦૫ ના રોજ બનેલ છે અને તેની ફરીયાદ તા.૧૧/૦૨/૨૦૦૫ નારોજ આપેલ છે. ફરિયાદીએ સ્વિકાર કરેલ છે કે, આ ફરીયાદ આપ્યા પછી પોલીસ તેઓને ત્યાં આવેલ હોય કે તેઓને પોલીસ સ્ટેશન જવાનુ થયેલ હોય તેવુ બનેલ નથી. ફરિયાદીએ સ્વિકાર કરેલ છે કે, આ કામે તેઓએ કોઈ સાક્ષીઓના કે આરોપીઓના નિવેદનો લીધા નથી કે કોઈ તપાસ કરેલ નથી. ફરિયાદીએ સ્વિકાર કરેલ છે કે, તેઓએ જે પેપર્સ રજુ કર્યા છે તે તમામ પેપર્સ પુરવઠા અધિકારીશ્રીની કચેરીમાંથી લાવેલ છે. ફરિયાદીએ સ્વિકાર કરેલ છે કે, મુદ્દામાલ નેપ્થા તેઓની રૂબરૂમાં સીઝ કરવામાં આવેલ નથી. ફરિયાદીએ સ્વિકાર કરેલ છે કે, તેઓએ માત્ર જીલ્લા અધિકારી પુરવઠાની સુચના મુજબ ફરીયાદ દાખલ કરેલ છે તે સીવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી કે, તેઓની રૂબરૂમાં બીજી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

૮.૨ ફરીયાદપક્ષ તરફે આંક-૪૦ થી તપાસેલ પંચસાહેદ કૈલાશચંદ્ર રામચંદ્ર સામરીયા નાઓએ તેમની જુબાનીમાં આંક-૪૧ થી મુદ્દામાલ રિકવરી અંગેના પંચનામા માં તેઓની સહી ઓળખી બતાવેલ છે અને જણાવેલ છે કે, તા.૨૫/૦૧/૨૦૦૫ નારોજ તેઓ કામરેજ રોડની પાસેથી પસાર થતા હતા ત્યારે સુરત જીલ્લાના પુરવઠાના અધિકારીઓએ મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામાના તૈયાર લખેલા કાગળ ઉપર તેઓની સહી લીધેલી હતી, તે કાગળમાં શુ લખ્યુ હતુ તે તેઓએ વાચ્યુ ન હતુ.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સિવાય તેઓને કોઈ માહિતી નથી.

૮.3 ફરીયાદપક્ષ તરફે આંક-૫૧ થી તપાસેલ પંચસાહેદ નિતેશકુમાર જયંતિલાલ બંગાળી નાઓએ તેમની જુબાનીમાં આંક-૫૨ થી રજુ પંચનામા માં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને જણાવેલ છે કે, તા.૨૮/૦૯/૨૦૦૪ ના રોજ તેઓને કામરેજ મામલતદાર સાહેબશ્રી સાંગાણી સાહેબનાઓએ સ્વાગત પેટ્રોલપંપ જે આંબોલી ખાતે આવેલ છે, ત્યા બોલાવેલ અને મામલતદાર સાહેબ તથા બીજા અધીકારીઓએ કેમીકલ સીઝ કરેલ તે અંગેનુ પંચનામુ કરેલ જે તેઓએ લખાવ્યા મુજબનુ લખેલ હતુ અને તેઓએ સહી કરેલી. પંચનામુ જે-તે વખતે વાંચેલુ કે કેમ ? તે હાલ તેઓને યાદ નથી. સદર કેમિકલ શીવાલાલ નામના ઇસમ પાસેથી પકડેલુ. જે-તે સમયે શિવાલાલ ત્યા હાજર હતા. આરોપી હાજર હોય તો તેઓ ઓળખી શકે. આરોપી ગેરહાજર છે. તેઓની સાથે બીજા પંચ તરીકે અરવિંદભાઇ પાનવાલા હતા જેઓ તેમની બાજુમા રહેતા હતા તેઓ અવસાન પામેલા છે.

૮.૪ ફરીયાદપક્ષ તરફે આંક-૬૨ થી તપાસેલ સાહેદ રાજેશકુમાર ઠાકોરભાઈ દેસાઈ નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને.૨૦૦૫ ની સાલમા તેઓ કલેક્ટર ઓફીસ સુરત ખાતે પુરવઠા નિરિક્ષક તરીકે ફરજ બજાવતા હતા, તે સમય દરમ્યાન તા.૨૫/૦૧/૨૦૦૫ નારોજ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી ગોહીલ સાહેબ સાથે તેઓ પાચ થી છ પુરવઠા અધિકારી આકસ્મિક તપાસણીના કામે નીકળેલા ત્યારે ધનશ્યામ મોટર્સની પાસે સરથાણા જકાતનાકા કૃષ્ણનગર સોસાયટીના ખુલ્લા પ્લોટમા એક છકડો ટેમ્પો/રીક્ષા નં.જીજે.૦૪.વી.૨૦૦૭ મા બેરલો ભરેલો હોય તેની તપાસણી કરતા કુલ ૩ બેરલો હતા. દરેક બેરલમા ૨૦૦ લીટર પ્રમાણે કુલ ૬૦૦ લીટર શંકાસ્પદ પેટ્રોલીયમ પેદાશ-નેપ્થાનો જથ્થો હોવાનું જણાતા ટેમ્પા ડ્રાઈવર દિનેશભાઈ દેવીપુજકની પુછપરછ કરતા આ જથ્થો કૃષ્ણ નગર સોસાયટીમાં આવેલી દુકાન નં.૩-૪ ના શ્રી હીરાલાલ નૈનાજી પહાડીયાનુ હોવાનુ જણાવેલુ અને તેઓ આ ટેમ્પો ભાડેથી ફેરવતા હોવાનું જણાવેલુ. દુકાન નં.૩-૪ ની તપાસ કરતા તેમાથી કુલ ૫૧ બેરલમા દરેક બેરલમા ૨૦૦ લીટર લેખે ૧૦,૨૦૦ લીટર શંકાસ્પદ પેટ્રોલીયમ પેદાશ/નેપ્થાનો જથ્થો મળી આવેલો ત્યા બીજુ એક ખાલી બેરલ પડેલુ હતુ, ઓઈલના પાઉચ પડેલા હતા તેમજ લોખંડની તેમજ પ્લાસ્ટીકની ગરણી પડેલી હતી. હીરાલાલ નેનાજીની પુછપરછ કરતા તેઓ આ જથ્થાનો ઉપયોગ થ્રીચક્રી વાહનોમા ઈંધણ માટે વેચાણથી આપતા હોવાનુ જણાવેલ. તેમની પાસે પરવાનાની માંગણી કરતા કોઈ પરવાનો ન હોવાનુ જણાવેલ. હીસાબી ચોપડાની માંગણી કરતા કોઈ હીસાબી ચોપડા રાખતા ન હોવાનુ જણાવેલ. આમ, નેપ્થા (પ્રાપ્તિ, વેચાણ, સંગ્રહ) અને તેનો ઓટોમોબાઈલમા ઉપયોગ અંગેના હુકમ સને.૨૦૦૦ ની કંડીકા ૩(૧) અને ૩(૨) નો ભંગ કરેલ હોય તેમજ આવશ્યક ચીજવસ્તુ(પરવાના અને નિયંત્રણ ૧૯૮૧) ની કંડીકા ૩ અને ૯ નો ભંગ કરેલ હોય આ જથ્થો તથા સાધનો અને ટેમ્પો વિગેરે મળી લગભગ ત્રણ લાખ પંચોતેર હજાર બસ્સો ચોવીસ રુપિયા જેટલો જથ્થો પંચોની હાજરીમાં સીઝ કરવામા આવેલો. તેઓએ તેમની જુબાનીમાં આંક-૪૧ થી રજુ પંચનામામાં બે પંચોની સહી લઈ જિલ્લા પુરવઠા અધીકારીના તેમની રુબરુમા પંચનામુ કરેલુ અને રુબરુ તરીકે તેઓ હાજર પુરવઠા અધિકારીઓની સહી કરાવેલ જેમા તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં માર્ક-એ થી રજુ છકડા ડ્રાઈવર દિનેશભાઈ ભુરાભાઈ દેવીપુજક નાઓનુ નિવેદન જિલ્લા પુરવઠા અધિકારી આર.જી.ગોહીલનાઓએ લીધેલ અને રુબરુ તરીકે તેઓ તમામ પુરવઠા અધિકારીનાઓની સહી છે તે ઓળખી બતાવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં માર્ક-બી રજુ હીરોલાલ નૈનાજી પહાડીયા નાઓનુ સ્થળ પર નિવેદન લેવામા આવેલ જે જિલ્લા

પુરવઠા અધિકારી આર.જી.ગોહીલનાઓએ લઈ રુબરુ તરીકે તેઓ તમામ પુરવઠા અધિકારીનાઓની સહી છે તે ઓળખી બતાવેલ છે. તથા સ્થળ ઉપર પુરવઠા અધીકારીનાઓને મુદ્દામાલ સીઝ કરી સીઝર હુકમ તૈયાર કરેલો જે હુકમ આરોપી હીરાલાલ નૈનાલાલ પહાડીયા અને દિનેશભાઈ ભુરાભાઈ દેવીપુજકનાઓની સહી લઈ જે સીઝર હુકમ આરોપીઓને મળેલો છે તે અંગેની સહી લઈ જિલ્લા પુરવઠા અધિકારીને સુપ્રત કરી સદર નકલ શ્રીઅંબિકા ઓટોમોબાઈલના સંચાલકને સીઝ કરેલ હુકમ નો જથ્થો યથાવત પરીસ્થિતીમા સુરક્ષીત રાખવા માટે તેમને નકલ રવાના કરેલી. આરોપીને જેતે સમયે સ્થળ પર જોયેલા પરંતુ ધણો લાંબો સમય થયેલ હોવાથી આરોપીને તેઓ ઓળખી શકે નહી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદ સ્વીકારે છે કે, બનાવ સમયે પુરવઠા અધીકારીની કચેરી નાનપુરા મુકામે આવેલી હતી. સાહેદ એ હકિકત સ્વિકારે છે કે, નાનપુરા તથા સરથાણા જકાતનાકા વચ્ચે દશેક કિ.મી જેટલુ અંતર આવેલુ છે. બનાવ બનેલો તે સમયે તેઓ કલેક્ટર કચેરીએ હતા. એ હકિકત તેઓને હાલ યાદ નથી કે, તેઓ રેડ માટે કયા વાહનમા નીકળેલા અને કેટલા વાગે નીકળેલા. સાહેદ એ હકિકત સ્વિકારે છે કે, સરથાણા જકાતનાકા વસ્તીવાળો અને વાહનોની અવર–જવર વાળો મોટો વિસ્તાર છે. એ હકિકત તેઓને હાલ યાદ નથી કે, તેઓ જ્યા રેડ પાડવા માટે ગયેલ તે જગ્યાની આસપાસ કોઈ મોલ કે દુકાનો આવેલ હતી કે કેમ? સાહેદ એ હકિકત સ્વિકારે છે કે, તેઓ રેડ પાડી તે સ્થળે કહેવાતો મુદ્દામાલ અંગેના પંચનામુ કેટલા વાગે શરુ કરેલ અને કેટલા વાગે પુરુ થયેલ તેનો ઉલ્લેખ પંચનામામા કરેલ નથી. સાહેદ એ હકિકતનો ઈન્કાર કરે છે કે, બિનવારસી મુદ્દામાલ મળી આવેલ હોવા છતા ઉપલા અધિકારીને સમર્થન આપવા ખોટો કેસ કરેલો છે.

૮.૫ ફરીયાદપક્ષ તરફે આંક–૬૫ થી તપાસેલ સાહેદ મગનભાઈ દેવાભાઈ દેસાઈ તેમજ આંક–૬૬ થી તપાસેલ સાહેદ ભરતકુમાર શાંતીલાલ નાયક નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને.૨૦૦૨ થી એપ્રિલ–૨૦૦૫ સુધી પુરવઠા નિરીક્ષક કલેટકટર કચેરી સુરત ખાતે ફરજ બજાવતા હતા. તા.૨૫/૦૧/૨૦૦૫ નારોજ જીલ્લા પુરવઠા અધિકારી સુરત સાથે રાઉન્ડ નિકળેલ હતા, ત્યારે સુરત કામરેજ રોડ ધનશ્યામ મોર્ટસની સામે ક્રીષ્નનગર સોસાયટીની ખુલ્લી જગ્યામા એક થ્રીવ્હીલ ચકડો ટેમ્પો નં.જીજે.૪.વી.૨૦૦૭ મા નેપ્થાનો જથ્થો ભરેલ મળી આવેલ ટેમ્પોના ડ્રાઈવર દીનેશ ભુરાજી દેવીપુજકને પુછતા આ જથ્થો હીરાલાલ નૈનાજી પહાડીયાનો વેચાણ માટે લાવેલ હોવાનું જણાવેલ એટલે જથ્થો જયાથી લાવેલ હતા તે જગ્યા એ જઈ તપાસ કરતા ત્યા

હીરાલાલ નૈનાજી પાઘડીયા હાજર હતા તેઓની દુકાન નં.૩ અને ૪ મા તપાસ કરતા દુકાન નં.૩ માંથી ૧૧ બેરલ અને દુકાન નં.૪ માંથી ૪૦ બેરલ નેપથ્થાનો જથ્થો મળી આવેલો આ જથ્થાના માલીક હીરાલાલ નૈનાલાલ પહાડીયા પાસેથી ખરીદ વેચાણના બીલો કે કોઈ પરવાનો હોય તો તે રજુ કરવા જણાવતા રજુ કરેલ ન હતા તેઓ આ જથ્થો ગેરકાયદેસર રીતે સંજયભાઈ નામના વાપીના ઇસમ પાસેથી મેળવી ધંધો કરતા હોવાનુ જણાવેલુ નેપ્થાની ખરીદી રૂ.૨૧ પ્રતિ લીટરના ભાવે કરી રૂ.૪૦ પ્રતિ લીટરના ભાવે રીક્ષા વાળાને વેચતા હોવાનુ જણાવેલુ. સદર જથ્થો સંકાસ્પદ નેપ્થાનો હોવાથી રેંડમલી કુલ ૮ બેરલો માંથી ધોરણસરના નમુનાઓ ફોરન્સીક ચકાસણી માટે લેવામાં આવેલ. આમ, નેપ્થાનો ધંધો ગેરકાયદેસર રીતે કરતા હોય જીલ્લા પુરવઠા અધિકારીશ્રી સુરતે તપાસમા મળી આવેલ નેપ્થા ૧૦,૯૭૬/– લીટરનો જથ્થો અને અન્ય સામ્રગ્રી મળી કુલ રૂ.૩,૭૫,૨૨૪/– નો જથ્થો સીઝ કરેલ. સદર કામે મહે.કલેટકટર સાહેબ સુરત તરફથી તા.૧૦/૦૨/૨૦૦૫ ના રોજ પોલીસ ફરીયાદ દાખલ કરવા માટે મામલતદાર કામરેજનો અધિકૃત કરવામાં આવેલ મામલતદાર કામરેજ તા.૧૧/૦૨/૨૦૦૫ ના રોજ કામરેજ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોધાવેલ જે કામે મારુ સ્ટેટમેન્ટ કામરેજ પોલીસ સ્ટેશનમાં તા.૦૫/૦૩/૨૦૦૫ ના રોજ પોલીસ ઇન્સપેકટર રૂબરૂ આપેલ છે. આરોપીને જોયેથી તેઓ હાલ ઓળખી શકે નહી.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદ સ્વીકારે છે કે, બનાવ સમયે પુરવઠા અધિકારીની કચેરી નાનપુરા મુકમે આવેલી હતી. સાહેદ એ હકિકત સ્વિકારે છે કે, નાનપુરા અને સરથાણા જકાતનાકા વચ્ચે ૧૦ કીલોમીટર જેટલુ અંતર આવેલુ છે. સાહેદ એ હકિકત સ્વિકારે છે કે, બનાવ બનેલો તે સમયે તેઓ કલેકટર કચેરીમા હતા. એ હકિકત તેઓને હાલ યાદ નથી કે તેઓ રેડ માટે કયા વાહનમા નિકળેલા અને કેટલા વાગે નિકળેલા. સાહેદ એ હકિકતનો સ્વિકારે છે કે, સરથાણા જકાતનાકા વસ્તીવાળો વિસ્તાર અને વાહનોની અવરજવર વાળો વિસ્તાર છે. સાહેદ સ્વિકારે છે કે, રેડમા ગયા ત્યારે બનાવવાળી જગ્યાની આસપાસ મોલ અને દુકાનો આવેલી હતી. સાહેદ એ હકિકતનો ઈન્કાર કરે છે કે, બિનવારસી મુદ્દામાલ મળી આવેલ હોય છતા ઉપલા અધિકારીને સર્મથન આપવા ખોટો કેસ કરેલો છે. સાહેદ સ્વિકારે છે કે, બનાવવાળા સ્થળેથી આરોપી મળી નથી આવેલ તથા તેના કબજામાંથી કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી.

૮.૬ ફરીયાદપક્ષ તરફે આંક–૭૨ થી તપાસેલ સાહેદ ડાહ્યાભાઈ વાઘાભાઈ ભરવાડ નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવમા શુ બનેલુ તે તેઓને હાલમા કઈ યાદ નથી. બનાવની હકીકત વિશે તેઓ કઈ જાણતા નથી. હાલમા બનાવનો

ઘણો સમય થઈ ગયેલ હોઈ તેઓએ જે તે સમયે દુકાન ભાડે આપેલી તેને તેઓ ઓળખી શકે નહી.

સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય એ.પી.પી.શ્રી એ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા તેઓએ એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, કામરેજ તાલુકાના સરથાણા મુકામે સુરત કામરેજ રોડ પર ઘશ્યામ મોટ્સની સામે તેઓના મકાનની બહારના ભાગે ૪ દુકાનો બનાવેલી હતી તેમાથી દુકાન નં.૩ અને ૪ લોખંડના સટરવાડી પાક્કી દુકાનો તેઓએ સિમલા હસમુખલાલ શાહ અને તેમના મણસ હીરાલાલ નયનાજી પહાડિયા નામના ઈસમને ભાડે આપેલી હતી. વધુમાં જણાવે છે કે, જ્યારે-જ્યારે દુકાનના સટરો ખોલવામા આવતા ત્યારે આ દુકાનો માથી ખુબ તીવ્ર વાસ આવતી હતી અને જે વાસ કેરોસીનની વાસ કરતા ખુબજ તિવ્ર વાસ હતી કારણ કે, તેઓ કેરોસીનનો દરરોજ ઉપયોગ કરે છે એટલે કેરોસીનની વાસ કેવી હોઈ તેની તેઓને પુરેપુરી સમજ છે. તેઓની દુકાનોમા રાખેલ જથ્થાની વાસ તેનાથી તિવ્ર હોવાની તેઓને જાણ છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં સાહેદ સ્વીકારે છે કે, તેઓએ આ દુકાન બાબતે કોઈ ભાડાકરાર કરેલ નથી. સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, આ કેસ બાબતે તેઓને કોઈ જાત માહિતી નથી.

૮.૭ ફરીયાદપક્ષ તરફે આંક-૭૪ થી તપાસેલ ત.ક.અ. માનાભાઈ ઉકાભાઈ સોલંકી નાઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, સને.૨૦૦૫ની સાલમા કામરેજ પોલીસ સ્ટેશનમા એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા એ સમય દરમિયાન તા.૧૧/૦૨/૨૦૨૨૫ નારોજ તેઓ પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે દરમીયાન પી.એસ.ઓ. નાજુબેન દેવજીભાઈ નાઓએ કામરેજ પોલીસ સ્ટેશન ગુના.રજીસ્ટર નં.૩૮/૨૦૦૫ આવશ્યક ચીજવસ્તુધારા ૧૯૫૫ ની કલમ-૩,૭,૯,૧૧ મુજબનો ગુનો દાખલ કરેલો જેમા ફરીયાદી કામરેજ મામલતદારશ્રી ધીરજ સંઘાણીનાઓએ તોહમતદાર શીવલાલ હસમુખલાલ શાહ અને ધીરાલાલ નૈનાજી પહાડીયાનાઓના વિરોધમા ઉપરોકત ફરીયાદ આપેલી જેમા ફરીયાદ, પંચનામા તથા સાહેદોના પોતે લિધેલા જવાબના તમામ કાગળો જેને આંક-૪૩, ૪૪, ૪૫ આપવામાં આવેલ છે. તેમજ સદર કામે માર્ક-એ થી રજુ દિનેશભાઈ ભુરાભાઈના નિવેદનને આંક-૭૫ આપવામાં આવેલ છે. તથા માર્ક-બી થી રજુ આરોપી હીરાલાલ નૈનાજી પહાડીના નિવેદનને આંક-૭૬ આપવામાં આવેલ છે. તેમજ પંચનામાને આંક-૪૧, કલેકટર કચેરીનો સિઝર હુકમને આંક-૪૬ તેમજ તથા માર્ક-સી થી રજુ ડાહ્યાભાઈ ભરવાડના નિવેદનને આંક-૭૭ આપવામાં આવેલ છે. તેમજ માર્ક-ડી થી

રજુ ક્રિષ્નાનગર સોસાયટીના લાઈટબીલને આંક–૭૮ આપવામાં આવેલ છે. વધુમાં તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, નેપ્થાના નમુનાનું પૃથક્કરણ કરવા માટે કરેલ લેટરને આંક–૪૭, પ્રયોગશાળામાં પૃથક્કરણ માટે મોકલેલ યાદી સહિતનો મુદ્દામાલની પહોંચ આંક–૪૮, તા.૨૯/૦૧/૨૦૦૫ નો પૃથક્કરણનો અહેવાલ આંક–૪૯ આપવામાં આવેલ છે. માર્ક–ઈ થી રજુ લક્ષ્મણભાઈ ગોટીના નિવેદનને આંક–૭૯ આપવામાં આવેલ છે. તેમજ માર્ક–એફ થી રજુ પ્લોટના કબજા સાથેના કરારને આંક–૮૦ આપવામાં આવેલ છે. આ તમામ કાગળો તેઓને મળેલા ત્યારબાદ વંચાણે લીધેલા. આ કામના બંને આરોપી તા.૦૯/૧૧/૨૦૦૫ના રોજ અટક કરી કોર્ટ કસ્ટડીમા મોકલી આપેલ. ત્યારબાદ આ બંને આરોપીએ એકબીજાની મદદગારીથી ગુનો કરેલ હોવાથી તેઓના વિરુધ્ધમા પુરતા પુરાવા હોવાથી બંને આરોપીના વિરુધ્ધમા ચાર્જશીટ કરી નામદાર કોર્ટમા મોકલી આપેલ. આરોપીને તેઓ ઓળખે છે.

બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં ત.ક.અધિ.શ્રીએ સ્વીકારેલ છે કે, જ્યારે કેસની તપાસ કરી ત્યારે તેઓ એ.એસ.આઈ તરીકે કામરેજ પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા હતા. ત.ક.અ.એ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ફરીયાદ મુજબના સાહેદોના નિવેદનો લખી લીધેલા છે. ત.ક.અધિ.એ સ્વિકાર કરેલ છે કે, તેઓએ તેમની તપાસ દરમિયાન ગુનાની જગ્યા, મુદ્દામાલ સિઝરનુ પંચનામુ તેઓએ કરેલ નથી. ત.ક.અધિ.એ ઈન્કાર કરેલ છે કે, આ આવશ્યક ચીજવસ્તુધારનો સ્પેસીયલ એક્ટ હોવાથી પી.એસ.આઈથી નીચેના અધિકારી તપાસ કરી શકે નહી. ત.ક.અધિ.એ સ્વિકાર કરેલ છે કે, જે બે દુકાનો છે તેનુ તેઓએ તપાસ મળ્યા પછી પંચનામુ કર્યુ નથી. ત.ક.અધિ.એ સ્વિકાર કરેલ છે કે, એફ.એસ.એલ.મા મોકલાવેલ મુદ્દામાલ તેઓએ મોકલાવેલ નથી. ત.ક.અ.એ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલ છે.

## પુરાવાનું મુલ્યાંકન ::

**૯::** સદરહુ કામના રેકર્ડ ઉપરના પુરાવાઓનુ અવલોકન અને મુલ્યાંકન કરતા પહેલા હાલના આરોપીઓ સામે આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ–૩, ૭, ૯, ૧૧ મુજબ મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**૧૦::** ફોજદારી ન્યાય વિતરણ પદ્ધતિ મુજબ આરોપીઓ સામે આક્ષેપાયેલા ગુન્હાઓ યોગ્ય પુરાવો રજૂ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની થાય છે. આરોપીઓએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. ભારતમાં પ્રવર્તમાન

ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ શંકાથી પર (beyond reasonable doubt) પુરવાર કરવાનું હોય છે. આરોપી દોષિત છે તેવો વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનું હોય છે . કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ આરોપીને જ્યાં સુધી દોષી ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા સાથે અદાલતે કાર્યવાહી કરવાની હોય છે. અદાલત દ્વારા કરવામાં આવેલ આવા અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, વિશ્વસનીય અને પૂરતો પુરાવો આપીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના પુરાવામાં રહી ગયેલ કોઈપણ ખામીનો લાભ બચાવપક્ષને મળે છે અને તેવા સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર થાય છે.

**૧૦.૧** સદરહુ કામે ફરીયાદપક્ષ દવારા પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ કુલ ૧૨ (બાર) દસ્તાવેજી પુરાવા તેમજ ૦૮ (આંઠ) સાહેદોના મૌખિક પુરાવા રજુ રાખેલ છે, જે પૈકી બે પંચ સાહેદ છે તેમજ બે સ્વતંત્ર સાહેદો છે તેમજ ચાર પુરવઠા વિભાગના અધિકારીઓ અને એક તપાસનીશ અધિકારી છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓ આવશ્યક ચીજવસ્તુ નિયંત્રણ ધારા હેઠળ પરવાનો મેળવ્યા વિના બિનઅધિકૃત રીતે નેપ્થાની ખરીદી અને સંગ્રહ કરી ગેરકાયદેસર રીતે દ્વિચક્રી–ત્રીચક્રી વાહનોમાં બળતણ તરીકે બિનઅધિકૃત અને ગેરકાયદેસર રીતે વેચાણ કરી આવશ્યક ચીજ વસ્તુ નિયંત્રણ ધારાની કલમ–૩, ૭, ૯ અને ૧૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાની ફરીયાદ કલેકટરશ્રીના આદેશના પગલે ફરીયાદ દાખલ કરવામાં આવેલ.

**૧૦.૨** ફરીયાદપક્ષના કથન મુજબ પંચોની હાજરીમાં કહેવાતો મુદ્દામાલ આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ છે, જે મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું હાલના કામે ફરીયાદપક્ષ તરફે આંક–૪૧ થી રજુ કરવામાં આવેલ છે. આંક–૪૦ થી તપાસેલ પંચસાહેદ કૈલાશચંદ્ર રામચંદ્ર સામરીયા નાઓએ તેમની જુબાનીમાં આંક–૪૧ થી મુદ્દામાલ રિકવરી અંગેના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે પરંતું તેઓના પુરાવા મુજબ તા.૨૫/૦૧/૨૦૦૫ નારોજ તેઓ કામરેજ રોડની પાસેથી પસાર થતા હતા ત્યારે સુરત જીલ્લાના પુરવઠાના અધિકારીઓએ મુદ્દામાલ રીકવરી ના પંચનામામાં સહી કરાવવામાં આવેલ છે. આ સાહેદે પંચનામાની અન્ય હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી, તેથી તા.૨૫/૦૧/૨૦૦૫ નારોજ સુરત કામરેજ રોડ ઉપર ઘનશ્યામ મોટર ગેરેજની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટમાં એક ટેમ્પો મળી આવેલ ટેમ્પામાં ૩ બેરલ નેપ્થા હતા અને બાજુમાં

એક બેરલ નેપ્થાનુ પડેલ હતું. હિરાલાલ પહાડીયા આ જગ્યાએથી નેપ્થાનુ વેચાણ કરતા હતા. જે જગ્યાએથી પંચો રૂબરૂ પેટ્રોલીયમ પ્રોડકટ નેપ્થાનો જથ્થો કબ્જે કરેલ હોવાની આંક-૪૧ વાળા પંચનામાની વિગતો આ પંચસાહેદના પુરાવાથી પુરવાર થતી નથી. તેમજ આંક-૪૧ વાળા પંચનામાના અન્ય પંચસાહેદનો પુરાવો તેઓ મરણ ગયેલ હોય રેકર્ડ ઉપર આવી શકેલ ન હોય તેવા સંજોગોમાં આંક-૪૧ વાળા પંચનામાની વિગતો તપાસવામાં આવેલ પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. તેમજ સદરહુ કામના રેડીંગ પાર્ટીના સભ્યો એટલે કે પુરવઠા વિભાગના રેડીંગ પાર્ટીના સભ્યોએ તેમજ આ કામના ફરીયાદી અને તપાસનીશ અધિકારીશ્રી નાઓએ તેઓના પુરાવામાં ફરીયાદની હકીકતોને સંપુર્ણપણે સમર્થન આપતો પુરાવો રજુ રાખેલ છે અને તેઓ પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, આ કામના આરોપીઓના કબ્જા વાળા ગોડાઉનમાંથી તેમજ કેબીનમાંથી નેપ્થાનો જથ્થો મળી આવેલ છે પરંતું હાલના કામે ફરીયાદપક્ષ દવારા મુદ્દામાલ નેપ્થાનો જથ્થો આ કામના આરોપીઓના કબ્જા વાળી કેબીન અને ગોડડાઉનમાંથી મળી આવેલ હોવાના મુદ્દામાલ કબ્જે કર્યાના પંચનામાના કન્ટેન્શન સદર પંચનામાના પંચસાહેદના પુરાવાથી પુરવાર થયેલ નથી તે હકીકત ધ્યાને લેતા મુદ્દામાલ પેટ્રોલીયમ પ્રોડકટ નેપ્થાનો જથ્થો આ કામના આરોપીઓના કબ્જામાંથી જ જપ્ત કરવામાં આવેલ હોવાની આંક-૪૧ વાળા પંચનામાની વિગતો મુજબની મુદ્દામાલની રીકવરી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તેવું મારૂ તારણ થાય છે.

**૧૦.૩** ફરીયાદપક્ષ તરફે આંક-૫ર થી પેટ્રોલીયમ પ્રોડકટ નેપ્થાનો જથ્થો સીઝ કર્યાનું પંચનામું રજુ કરવામાં આવેલ છે. આંક-૫૧ થી તપાસેલ પંચસાહેદ નિતેશકુમાર જયંતિલાલ બંગાળી નાઓએ તેમની જુબાનીમાં આંક-૫ર વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને તેઓએ એવો પુરાવો રજુ રાખેલ છે કે, તા.૨૮/૦૯/૨૦૦૪ ના રોજ તેઓને કામરેજ મામલતદાર સાહેબશ્રી સાંગાણી સાહેબ નાઓએ સ્વાગત પેટ્રોલપંપ જે આંબોલી ખાતે આવેલ છે ત્યા બોલાવેલ અને મામલતદાર સાહેબ તથા બીજા અધીકારીઓએ કેમીકલ સીઝ કરેલ તે અંગેનુ પંચનામુ કરેલ, જે તેઓએ લખાવ્યા મુજબનુ લખેલ હતુ અને તેઓએ સહી કરેલી. પંચનામુ જે-તે વખતે વાંચેલુ કે કેમ

? તે હાલ તેઓને યાદ નથી. સદર કેમિકલ શીવાલાલ નામના ઇસમ પાસેથી પકડેલુ. જે–તે સમયે શિવાલાલ ત્યા હાજર હતા. આરોપી હાજર હોય તો તેઓ ઓળખી શકે. તેઓની સાથે બીજા પંચ તરીકે અરવિંદભાઇ પાનવાલા હતા જેઓ તેમની બાજુમા રહેતા હતા તેઓ અવસાન પામેલા છે. આમ, આ સાહેદ ના પુરાવા મુજબ તા.૨૮/૦૯/૨૦૦૪ ના રોજ જે પંચનામું કરવામાં આવેલ છે તે પંચનામું તેઓએ લખાવેલ છે, પરંતું સદર તા.૨૮/૦૯/૨૦૦૪ ના રોજ કરવામાં આવેલ આંક–પર વાળુ પંચનામું વંચાણે લેતા તેમાં પંચસાહેદોએ એવી હકીકત લખાવેલ છે કે, ધનશ્યામ મોટરની બાજુમાં આવેલ રોડ માર્જીનમાં જે કેબીન આવેલ છે તે હિરાલાલ નૈનાજી પહાડીયાની માલીકીની છે અને તેઓ તયાં હાજર હતા અને તેઓ ત્યાં ગેરકાયદેર નેપ્થાનું વેચાણ કરતા હતા અને દવીચક્રી તેમજ ત્રીચક્રી વાહનોમાં બળતર તરીકે વાપરવા વેચાણ કરતા હતા અને દુકાન તેઓએ શીલવાલ હસમુખલાલ શાહ પાસેથી ભાડે રાખેલ છે અને તેઓ એકલા જ આ ધંધો કરે છે તેમ હિરાલાલ નૈનાજીએ જણાવેલ છે. ત્યારબાદ ગોડાઉન પર ગયેલ ત્યાં માલિક શીવલાલ નૈનાજી હાજર છે અને તેઓએ દુકાન હિરાલાલ નૈનાજીને કરીયાણાની દુકાન કરવા ભાડા પર આપી છે તેમ જણાવે છે. આ કેબીન અને ગોડાઉન પરથી ૧૯૮૮ લીટર નેપ્થાનો જથ્થો તથા ઓઈલના પાઉચ તથા અન્ય સાધનો પંચો રૂબરૂ સીઝ કરવામાં આવેલ છે. આમ, આ પંચ સાહેદ રૂબરૂ તા.૨૮/૦૯/૨૦૦૪ ના રોજ જે નેપ્થાનો કબ્જો સીઝ કરેલ છે તે આ કામના મરણ જનાર આરોપી હિરાલાલ નૈનાજી પહાડીયાનો હોવાનું તથા તેઓની હાજરીમાં કબ્જે કરેલ હોવાનું આંક–પર વાળા પંચનામાામાં પંચસાહેદોએ જણાવેલ છે જયારે આંક–પ૧ થી તપાસવામાં આવેલ સદર પંચસાહેદ આરોપી શીવલાલની હાજરીમાં મુદ્દામાલ કબ્જે કરેલ હોવાનું જણાવે છે અને આરોપી હિરાલાલ નૈનાજી પહાડીયા હાજર હતા તેમ સુઘ્ધા જણાવતા નથી, તેથી મુદ્દામાલ સીઝ કરવામાં આવેલ પંચનામાનાની વિગત કરતા આ પંચસાહેદ જુદી હકીકત જણાવતા હોય આ પંચસાહેદની જુબાની શંકા ઉપસ્થિત કરે છે. તપાસશનીશ અધિકારીના પુરાવા મુજબ આમ, મુદ્દામાલ નેપ્થા તેઓ દવારા સાચવવા માટે પેટ્રોલપંપ ઉપર આપવામાં આવેલ હોવાનું માની લેવામાં આવે તો પણ સદર પંચસાહેદના પુરાવાથી આ કામના આરોપીઓને હાલના ગુના સાથે સાંકળી શકાય તેમ નથી, તેવા સંજોગોમાં આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબ્જે કર્યાની હકીકત કે મુદ્દામાલ આરોપી શીલવાલ મોહનલાલ શાહની

રૂબરૂમાં સીઝ કર્યાની હકીકત આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોના પુરાવાથી પુરવાર થયેલ નથી.

**૧૦.૪** ફરીયાદપક્ષ દવારા હાલના કામ આંક-૬૨ થી તપાસેલ સાહેદ રાજેશકુમાર ઠાકોરભાઈ દેસાઈ પુરવઠા નિરિક્ષક છે તેઓના પુરાવા મુજબ તા.૨૫/૦૧/૨૦૦૫ નારોજ એક છકડો ટેમ્પો/રીક્ષા નં.જીજે.૦૪.વી.૨૦૦૭ મા બેરલો ભરેલો હોય તેની તપાસણી કરતા કુલ ૩ બેરલો હતા. દરેક બેરલમા ૨૦૦ લીટર પ્રમાણે કુલ ૬૦૦ લીટર શંકાસ્પદ પેટ્રોલીયમ પેદાશ-નેપ્થાનો જથ્થો હોવાનું જણાતા ટેમ્પા ડ્રાઈવર દિનેશભાઈ દેવીપુજકની પુછપરછ કરતા આ જથ્થો કૃષ્ણ નગર સોસાયટીમાં આવેલી દુકાન નં.૩-૪ ના શ્રી હીરાલાલ નૈનાજી પહાડીયાનુ હોવાનુ જણાવેલુ અને તેઓ આ ટેમ્પો ભાડેથી ફેરવતા હોવાનું જણાવેલુ. દુકાન નં.૩-૪ ની તપાસ કરતા તેમાથી કુલ ૫૧ બેરલમા દરેક બેરલમા ૨૦૦ લીટર લેખે ૧૦,૨૦૦ લીટર શંકાસ્પદ પેટ્રોલીયમ પેદાશ/નેપ્થાનો જથ્થો મળી આવેલો ત્યા બીજુ એક ખાલી બેરલ પડેલુ હતુ, ઓઈલના પાઉચ પડેલા હતા તેમજ લોખંડની તેમજ પ્લાસ્ટીકની ગરણી પડેલી હતી. હીરાલાલ નેનાજીની પુછપરછ કરતા તેઓ આ જથ્થાનો ઉપયોગ થ્રીચક્રી વાહનોમા ઈંધણ માટે વેચાણથી આપતા હોવાનુ જણાવેલ. તેમની પાસે પરવાનાની માંગણી કરતા કોઈ પરવાનો ન હોવાનુ જણાવેલ. હીસાબી ચોપડાની માંગણી કરતા કોઈ હીસાબી ચોપડા રાખતા ન હોવાનુ જણાવેલ. આમ, આ સાહેદના પુરાવામાં આરોપી હીરાલાલ નૈનાજી પહાડીયાના કબ્જામાંથી મુદ્દામાલ નેપ્થાનો જથ્થો મળી આવેલ હોવાનું પુરાવામાં જણાવે છે. સાહેદની ઉલટતપાસમાં એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, સરથાણા જકાતનાકા વસ્તીવાળો અને વાહનોની અવર-જવર વાળો મોટો વિસ્તાર છે. અન્ય સાહેદો પુરવઠા નિરીક્ષક છે તેમાં સાહેદ મગનભાઈ દેવાભાઈ દેસાઈ તેમજ સાહેદ ભરતકુમાર શાંતીલાલ નાયક ના પુરાવા મુજબ પણ તા.૨૫/૦૧/૨૦૦૫ નારોજ જીલ્લા પુરવઠા અધિકારી સુરત સાથે રાઉન્ડ નિકળેલ હતા, ત્યારે સુરત કામરેજ રોડ ધનશ્યામ મોર્ટસની સામે ક્રીષ્નનગર સોસાયટીની ખુલ્લી જગ્યામા એક થ્રીવ્હીલ ચકડો ટેમ્પો નં.જીજે.૪.વી.૨૦૦૭ મા નેપ્થાનો જથ્થો ભરેલ મળી આવેલ ટેમ્પોના ડ્રાઈવર દીનેશ ભુરાજી દેવીપુજકને પુછતા આ જથ્થો હીરાલાલ નૈનાજી પહાડીયાનો વેચાણ માટે લાવેલ હોવાનું જણાવેલ. આ જથ્થો ગેરકાયદેસર રીતે સંજયભાઈ નામના વાપીના ઈસમ પાસેથી મેળવી ધંધો કરતા હોવાનુ જણાવેલ. પુરવઠા નિરીક્ષકો ના પુરાવામાં આરોપી હીરાલાલ નૈનાજી પહાડીયા પાસેથી કબ્જો જપ્ત કરેલ હોવાનું રેકર્ડ ઉપર

આવે છે, પરંતુ તપાસનીશ અધિકારીને આ સ્થળે સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતા તેઓ દવારા મુદ્દામાલ કબ્જે કર્યાના સ્થળ ઉપરના કોઈ પણ સ્વતંત્ર સાહેદનું નિવેદન લીધેલ નથી.

**૧૦.૫** સદરહુ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર સાહેદ કે જેઓ દુકાનના માલિક છે તેવા ડાહ્યાભાઈ વાઘાભાઈ ભરવાડ કામરેજ તાલુકાના સરથાણા મુકામે સુરત કામરેજ રોડ પર ઘશ્યામ મોટ્સની સામે તેઓના મકાનની બહાર દુકાન નં.૩ અને ૪ લોખંડના સટરવાડી પાક્કી દુકાનો તેઓએ સિમલા હસમુખલાલ શાહ અને તેમના મણસ હીરાલાલ નચનાજી પહાડિયા નામના ઈસમને ભાડે આપેલી હતી તેમ પુરાવામાં જણાવે છે. તે સિવાયની ફરીયાદપક્ષના કેસની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી અને હાલમાં તેઓને કંઈ યાદ નથી તેવી હકીકત જણાવેલ છે. આ સાહેદ દુકાનના માલીક છે તેઓએ આ દુકાન બાબતે કોઈ ભાડાકરાર કરેલ નથી તેવી હકીકત ઉલટતપાસમાં જણાવેલ છે, તે ધ્યાને લેતા સ્વતંત્ર સાહેદ એવા સદર સાહેદના પુરાવાથી હાલના આરોપીઓ વિરૂધ્ધના ગુન્હાને લગતી ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન મળતુ નથી.

**૧૦.૬** ફરીયાદપક્ષે તપાસનીશ અધિકારી માનાભાઈ ઉકાભાઈ સોલંકી નાઓએ આ કેસમાં તેઓએ કરેલ કામગીરીની વિગતો તેમના પુરાવામાં જણાવેલ છે. સદરહુ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો પુરવઠા વિભાગના અધિકારીઓ છે અને તેઓ રેડીંગ પાર્ટીના સભ્યો છે અને તેઓએ રેડ દરમ્યાન મુદ્દામાલ કબજે કરવા વિગેરે અંગેની કાર્યવાહી તેઓએ એકસાથે રહીને કરેલ છે અને વત્તા ઓછા અંશે સામાન્ય વિરોધાભાષોને બાદ કરતા તેઓ પોતાની જુબાનીમાં એકસરખી હકિકતો જણાવે છે. આમ, તેઓના પુરાવાથી તેઓએ પોતાના ઉપરી અધિકારીની સુચના મુજબ રેડ અંગેની કાર્યવાહી કરેલાનું ફલિત થાય છે, પરંતુ આ રેડની કાર્યવાહી દરમ્યાન પંચો સિવાયના કોઈ પણ સ્વતંત્ર સાહેદોને સાથે રાખવામાં આવેલ નથી અને પોલીસ પણ તે સમયે સાથે રહેલ નથી તેમજ સ્વતંત્ર સાહેદો ત્યાં ઉપલબ્ધ હોવા છતાં પણ આવા કોઈ સાહેદોને રેડીંગપાર્ટીએ સાથે રાખેલ નથી કે સ્વતંત્ર વ્યકિતઓની હાજરીમાં આવી કોઈ કાર્યવાહી કરેલ નથી. તેમજ આરોપીઓની ઓળખ અંગેનો કોઈ પુરાવો એકત્ર કરેલ નથી તેમજ સ્વતં ત્ર સાહેદના પુરાવા મુજબ તેઓએ કોઈ દુકાનનો કોઈ ભાડા કરાર કરેલ નહતો તે ધ્યાને લેતા

બનાવવાળી જગ્યા એટલે કે ગોડાઉન કે કેબીન કે દુકાનની માલીકી અંગેના પુરાવા પણ રજુ રાખેલ નથી અને તેથી તપાસનીશ અધિકારીની કાર્યવાહી પણ શંકાસ્પદ બને છે. આમ, કહેવાતો મુદ્દામાલ જે જગ્યાએથી મળી આવેલ છે તે જગ્યા આરોપીના જ કબજા, ભોગવટા, માલિકી વિગેરેની હતી તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ રેડની કામગીરી નિયત સમયમાં થયેલ હોવાનું જણાવે છે, તેમ છતાં તે સમય દરમ્યાન કોઈ પણ સ્વતંત્ર વ્યકિત રેડીંગ પાર્ટીને મળી આવેલ નથી. આમ, સદરહુ પુરવઠા શાખાના સાહેદો એક જ રેડીંગ પાર્ટીના સભ્યો હોવાથી તેઓ રસ ધરાવતા સાહેદો છે તેમજ સરકારી કર્મચારીઓ છે અને તેથી સ્વાભાવિકપણે પોતાની સરતપાસમાં પોતાના નિવેદન મુજબની જ હકિકતો જણાવે, પરંતુ જયારે સ્વતંત્ર સાહેદો ખૂબ જ સરળતાથી ઉપલબ્ધ હોય ત્યારે આવી કામગીરી તેઓની હાજરીમાં કરવી જોઈએ, જે હાલના કામે કરવામાં આવેલ નથી. વધુમાં અગાઉ કરવામાં આવેલ ચર્ચા મુજબ હાલના કામે આંક-૪ર થી રજુ થયેલ મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામુ પુરવાર થયેલ નથી આમ, મુદ્દામાલની રીકવરી એકપણ સ્વતંત્ર સાહેદના પુરાવાથી પુરવાર થતી નથી. તેવી જ રીતે સીઝર પંચનામાની હકીકતો પણ શંકા રહિત પુરવાર થયેલ નથી. તેમજ હાલના કામે ફરીયાદપક્ષ તરફે તપાસાયેલ સાહોદોએ પુરાવા દરમ્યાન બનાવને ઘણો સમય થયેલ હોય આરોપીને ઓળખી શકે નહી તેવી હકીકત પણ પુરાવામાં જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષના સાહેદો દવારા આરોપી ઓ ની ઓળખ પુરવાર થતી નથી. તેમજ હાલના કામે માત્ર રેડીંગ પાર્ટીના સભ્યો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો સમર્થનનકારક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**૧૦.૭** સદરહુ કામે ફરીયાદપક્ષ દ્દારા આંક-૪ર થી ફરીયાદી મામલતદારશ્રી ધિરજભાઈ સંઘાણીને તપાસવામાં આવેલા છે, જેઓ નિર્વિવાદપણે રેડીંગ પાર્ટીના સભ્ય નથી અને તેથી તેઓને બનાવની કોઈ જાતમાહિતી નથી. રેડીંગ પાર્ટીએ કલેકટરશ્રીને બનાવ સંદર્ભેનો રીપોર્ટ કરતા બનાવ અંગે ફોજદારી કાર્યવાહી હાથ ધરવા સારૂ કલેકટરશ્રીએ આંક-૪૩ વાળો હુકમ કરતા હાલના સાહેદે આંક-૪૪ વાળી ફરીયાદ પોલીસ સ્ટેશનમાં આપેલ છે અને તે સિવાયની કોઈ જ કામગીરી તેઓએ કરેલ હોય તેવું તેમના

પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ નથી. તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ હોય કે આરોપીઓની પાસેથી મુદ્દામાલ કબજે કરેલ હોય કે તેઓ આરોપીઓને ઓળખતા હોય તેવી કોઈ હકીકત તેમના પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ નથી. માત્ર ફરજના ભાગરૂપે ફરીયાદ આપવા સિવાયની કોઈ જ માહિતી ધરાવતા નથી. આમ, સદરહુ સાહેદે ડી–ફેકટો કમ્પ્લેનન્ટ સિવાયની કોઈ જ કાર્યવાહી કરેલ ન હોય તેઓની જુબાનીથી ફરીયાદપક્ષના કેસના ગુણદોષ ઉપર કોઈ અસર થતી નથી.

**૧૦.૮** સદરહુ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારીશ્રી કમાભાઈ અમરતભાઈ પુરાણીની આંક–૭૪ વાળી જુબાની ધ્યાને લેવામાં આવે તો તે ફોર્મલ પ્રકારની જુબાની છે, જેમાં તેઓએ લાગતાવળગતા સાહેદોના નિવેદનો ધ્યાને લઈ ચાર્જશીટ કરેલાની હકિકત જણાવેલ છે. નિર્વિવાદપણે તેઓ રેડીંગ પાર્ટીના સભ્ય નથી. તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ નથી. તેઓએ કહેવાતો મુદ્દામાલ કબજે કરેલ નથી, પરંતુ માત્ર ફરીયાદના આધારે આરોપીઓની અટક કરેલ છે. તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ નથી. તેમજ સ્વતંત્ર સાહેદોના કોઈ નિવેદનો લીધેલ નથી. વધુમાં હાલના કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ નેપ્થા જ હતુ કે કેમ ? તેની ચકાસણી માટે સદર મુદ્દામાલ પ્રવાહી એફ.એસ.એલ.માં મોકલેલ હોય અને તેની ચકાસણી કરવામાં આવેલ હોય તેવો તપાસણીનો અહેવાલ રજુ કરેલ છે પરંતુ એફ.એસ.એલ. અધિકારીનોનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને તેથી કહેવાતુ મુદ્દામાલ નેપ્થા જ હતું કે કેમ ? તે પુરવાર થતું નથી. ફરીયાદપક્ષ તરફે આંક – ૪૭ થી નેપ્થા નમુનાના પ્રવાહીનું પૃથક્કરણ કરવા માટે કરેલ પત્ર તેમજ આંક–૪૮ થી પ્રયોગશાળામાં પૃથક્કરણ માટે મોકલેલ મુદ્ધામાલની પહોંચ તથા આંક–૪૯ થી તા.૨૯/૦૧/૨૦૦૫ નારોજનો પૃથ્થકરણ અહેવાલ રજુ કરવામાં આવેલ છે પરંતું હાલના કામે પૃથ્થકરથ કરનાર અધિકારીને તપાસવામાં આવેલ નથી, તેવા સંજોગોમાં માત્ર તપાસનીશ અધિકારીના પુરાવાના આધારે અને પૃથ્થકરણ અહેવાલના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરીયાદપક્ષ તરફે સાયન્ટીફીક પુરાવો રજુ કરવામાં આવેલ છે તે સાયન્ટીફીક અધિકારીને તપાસવામાં આવેલ ન હોય અને આરોપીઓની રૂબરૂમમાં મુદ્દામાલ કબજે કર્યાનું પુચનામુ અને મુદ્દામાલ સીઝ કર્યાનું પંચનામું નિ:શંકપણે પુરવાર થતુ ન હોય તેમજ તપાસનીશ અધિકારીએ હાલના કામના

આરોપીઓને સાથે રાખી આરોપીઓ કોની પાસેથી આવું કહેવાતો મુદ્દામાલ નેપ્થા ખરીદે છે તેમજ કોને વેચે છે તે અંગેની કોઈ પણ પ્રકારની તપાસ કરેલ હોય તેવું પણ તેઓની જુબાની પરથી જણાઈ આવતું નથી. આમ, સદરહુ સાહેદની જુબાની પરથી પણ આરોપીને નિ:શંકપણે ગુના સાથે સાંકળી શકાય તેવી હકિકત પુરવાર થતી નથી તેવું મારૂ તારણ થાય છે.

**૧૧::** આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ કોઈ વસ્તુ કબજે કરવામાં આવેલ હોય તો મામતલદારશ્રીએ કલેકટરશ્રીને અહેવાલ મોકલી અને હોદ્દાની રૂએ ફરીયાદ આપવાની હોય છે. એસેન્સીયલ કોમોડીટી એકટની કલમ-૩ નો ભંગ થાય ત્યારે મુદ્દામાલ રીકવર કરવાનુ પંચનામુ કરવું જરૂરી છે, જે પંચનામું આ કામે કરવામાં આવેલ છે, પરંતુ આ કામે પંચ સાહેદનો પુરાવાથી પંચનામાની વિગતો પુરવાર થયેલ નથી અને તેથી આરોપીની હાલના ગુનાના કામે સંડોવણી હોવાનું સાબિત કરવા માટે માત્ર પુરવઠા નિરીક્ષક/ પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. તેમજ હાલના કામે આરોપી હીરાલા નૈનાજીનું કબુલાતી નિવેદન આંક- ૭૬ થી રજૂ કરવામાં આવેલ છે. તેમજ એ હકિકત નિર્વિવાદીત છે કે, પુરવઠા અધિકારી એ પોલીસ અધિકારી નથી અને તેથી તેઓ સમક્ષના આરોપીના કબુલાતી નિવેદનને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૨૫ નો બાધ નડતો નથી, પરંતુ રસ ધરાવતા રેડીંગ પાર્ટીના સભ્યો સિવાયના એક પણ સ્વતંત્ર સાહેદ આરોપીઓને ગુના સાથે સાંકળતો પુરાવો રજૂ કરતા નથી અને તેથી આરોપીના કબુલાતી નિવેદનને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી અને તેથી એકમાત્ર આરોપીના કબુલાતી નિવેદનના આધારે આરોપીને તકશીરવાન ઠરાવી શકાય નહિં તેવું મારૂ તારણ થાય છે.

**૧૨::** આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના **૨૦૦૯(૨) ક્રાઈમ્સ ૨૧૧, રાજેન્દ્રસીંગ તથા અન્ય વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ નો ચુકાદો ધ્યાને લેતા** અરજદાર અનાજનું ખરીદ વેચાણ કરતો હતો તેનો કોઈ પુરાવો રજુ નથી. આ અધિનિયમ હેઠળ દોષિત ઠરાવી શકાય નહિં. આમ, હાલના કામે ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવા તેમજ

નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ટાંકવામાં આવેલ સાઈટેશન્સ ધ્યાને લેતા આરોપી જેની પાસેથી આવું કહેવાતુ પ્રવાહી ખરીદે છે અને કોને વેચાણ કરે છે તેવા કોઈ જ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ કહેવાતો મુદ્દામાલ નેપથા જ હોવા અંગે એફ.એસ.એલ. ની કોઈ કાર્યવાહી યોગ્ય રીતે કરવામાં આવેલ હોવાનો પુરાવો રજુ થયેલ નથી અને તેથી આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ નેપથા હતુ તેમ પુરવાર થતું નથી. તેમજ સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ હોવા છતાં આવા કોઈ જ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી, તેથી આ કામના આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે થયાનું સ્વતં ત્ર સાહેદોના નિવેદનો પરથી પુરવાર થતું નથી. આમ, આરોપીઓ સામે આક્ષેપીત આવશ્યક ચીજવસ્તુ નિયંત્રણ ધારાની કલમ–૩,૭, ૯ અને ૧૧ મુજબનો ગુન્હો નિ:શં કપણે પુરવાર કરવામા ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ ''નકાર'' માં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરું છું.

## –:: આખરી હુ ક મ ::–

| | |
|---|---|
| ૧. | સદરહુ કામના આરોપી હીરાલાલ મરણ ગયેલ હોય તેઓનુ નામ એબેટ થયેલ છે. તેમજ આરોપી **શિવલાલ હસમુખલાલ શાહ** ઉ.વ. પુખત, વ્યવસાય–વેપાર રહે.રૂમ નં.૧૦૫, પુષ્પકુંજ એપાર્ટમેન્ટ, નાના વરાછા, સુરત, મુળ રહે. મુકુન્દા, તા.રાયપુર, જી.ભીલવાડા નાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૪૮(૧) અન્વયે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની કલમ– ૩,૭, ૯ અને ૧૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. |
| ૨. | ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) ના હેતુ માટે આરોપીએ રૂ.૧૦,૦૦૦/– ના જામીન રજુ કરવા. |
| ૩. | મુદ્ધામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્ધામાલ પ્રવાહી રાજ્યસાત કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય બાદ સદરહુ મુદ્ધામાલને સરકાર ખાલસા |

| | |
|---|---|
| | કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે અન્ય મુદ્ધામાલ અંગે અત્રેની કોર્ટ દ્ધારા કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેને કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આવા મુદ્ધામાલનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તેને તેની માલીકીપણાની ખરાઈ કરી તેના માલીકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે. |

હુકમ આજ તારીખ :: ૧૫ મી, માહે :: જુન, સને :: ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :: ૧૫/૦૬/૨૦૨૬ | વંદના લલીતચંદ્ર પરદેશી |
| સ્થળ :: કઠોર | એડી. ચીફ જ્યુડી. મેજી., કઠોર |
| | Code : GJ01013 |